અપીલ અરજી નં.૨૮૧ તા.૭–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૧૦ ની અરજીથી (૧) સલાબતપુરા વોર્ડ નં.૩ માં આવેલ વલ્લભ જીવણની ચાલ ઘામલાવાડ ખાતે ૩/૧૮૩૧ થી નોંધાયેલ મિલ્કત ઉપર હાલમાં નવું બાંધકામ થાય છે તો આ બાંધકામને આપના વિભાગે કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશને ઉપરનો માળ તૈયાર કરનાર બાંધકામધારક વિરૂધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૧/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૧૦ ની અરજીથી (૧) સલાબતપુરા વોર્ડ નં.૩ માં આવેલ વલ્લભ જીવણની ચાલ ઘામલાવાડ ખાતે ૩/૧૮૩૧ થી નોંધાયેલ મિલ્કત ઉપર હાલમાં નવું બાંધકામ થાય છે તો આ બાંધકામને આપના વિભાગે કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશને ઉપરનો માળ તૈયાર કરનાર બાંધકામધારક વિરૂધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૦ તા.૧૬–૧૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૩૪ તા.૧૨–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૬૩ તા.૨૮–૧૦–૧૦ ની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૯૧ તા.૫–૧–૧૧ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૭–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૦૬૩ તા.૨૮–૧૦–૧૦ થી માહિતીના પાના નંગ–૩૭ પ્રતિ રૂા.૨/– લેખે કુલ રૂા.૭૪/– ભર્યેથી માહિતી પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ.જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવુ ંજણાવી તા.૭/૧૨/૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારને સેન્ટ્રલ ઝોન આરટીઆઈ આ.નં. ૧૦૬૩ તા.૨૮/૧૦/૧૦ થી જાહેરમાહિતી અધિકારીએ રૂ/. ૭૪ ભરી માહિતી મેળવવા જણાવેલ તે બાબતે અરજદાર કે જાહેર માહિતી અધિકારી બંને પક્ષકારો તરફથી નાણાભરીને માહિતી મેળવ્યા અંગેની કોઈ વિગતો અપીલ તબકકે પુરી પાડવામા આવેલ નથી. ત્યાર બાદ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.ંન.૧૩૯૧ તા.૫–૧–૧૧ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. મુદ્દા નં.૧.સલાબતપુરા વોર્ડ નં. ૩ માં આવેલ વલ્લભ જીવણી ચાલ,ઘામલાવાડ ખાતે ૩/૧૮૩૧થી નોંધાયેલ મિલ્કત. ઉપર હાલમાં નવું બાંધકામને આપના વિભાગે કોઈ પરમીશન આવેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશને ઉપરનો માળ તૈયાર કરનાર બાંધકામ ધારક વિરુધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી તરફથી મહાનગરપાલિકા તરફથી વોર્ડ નં. ૩/૧૮૩૧ વાળી મિલ્કતમાં બાંધકામ રીપેરીંગની પરવાનગી આપવામાં આવેલ છે.વધુમાં સેન્ટ્રલઝોનનાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા અરજદારે વહીવટી ચાર્જના રૂ/. ૫૦૦/– જમા કરાવ્યા હોવાનું જણાય છે. જે તમામ નકલના પાના દીઠ રૂ/.૨/– લેખે કુલ– ૩૭ પાના ના રૂ/.૭૪/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું પણ જણાવેલ છે. મુદ્દા નં.૨ આપના વિભાગમાં ફરજ બજાવતાં ધર્મેશ મહેતા નામક અધિકારી /કર્મચારી તા.૭/૧૦/૧૦ (૧૨–૦૦વાગે)ના રોજ આ બાંધકામનું નિરીક્ષણ કરવામા આવ્યા હતા તો આ નિરીક્ષણ કરવા અંગે તેમણે કોઈ ઉપરી અધિકારી ની પરમીશન લીધી હતી કે કેમ ? તેની નકલ સહિત ની વિગત આપશો.તથા ધર્મેશ મહેતા ધ્વારા આસપાસના રહીશોને ઉપરોકત મિલ્કતમાં હાલમાં રોડ સાઈડ માં બારીઓ માટે દિવાલમાં બાકોરા પાડવામાં આવ્યા છે. તે પ્લાન મુજબ છે તેવું કહેવામાં આવ્યું હતું તો જે પ્લાનમાં આ બારીઓ હોવાનું દર્શાવવામા આવ્યુ હોય તે પ્લાનની નકલ આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ધર્મેશ મહેતા કર્મચારી શ્રી સ્થળ પર આવ્યા હોવા અંગેની ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી. જે તે અધિકારી કર્મચારીશ્રીને ઘી.બી.પી.એમ.સી.એકટ કલમ ૩૮૭ મુજબ

પાવર ડેલીગેટસ કરવામાં આવેલ છે.જેની નકલ આ સાથે સામેલ છે. આપશ્રીના પત્રમા જણાવ્યા મુજબ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માંગ્યા મુજબનો પ્લાન સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૩ ઉપરોકત મિલ્કત હાલમા ગ્રાઉન્ડ + ત્રણ માળની છે. તેમા ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ જુનું પુરાણું છે તથા તેની ઉપર ત્રણ માળ ચણી દેવામાં આવ્યા છે. તથા ગ્રાઉન્ડ ફ્લોરના બાંધકામમાં હાલમાં પણ તિરાડો પડેલી જણાઈ રહી છે તો આવા બાંધકામને આપનુ વિભાગ પરમીશન આપી શકે કે કેમ? તેની વિગત આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે.મુદ્દા નં.૪ વોર્ડ નં.૩ સલાબતપુરા ખાતે આવેલ સાંઈબાબા મંદિર સામે મિલ્કત નં. ૩/૧૩૪૬/૪૭ થી નોંધાયેલ મિલ્કતને આપના વિભાગે વિકાસ અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો આપી હોય તો કેટલા માળ સુધીના બાંધકામ ની પરમીશન આપેલ છે તેની વિગતવાર માહિતી આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલ ઝોનની ઓફિસ તરફથી તા. ૨૧/૩/૦૯ થી પત્ર નં. ૩૪૨ થી વિકાસ પરવાનગી આપેલ છે.જેની પ્લાન ની નકલ રૂ/. ૬૭૧–૦૦ ભર્યેથી મળી શકશે.આમ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૫/૧/૧૧ ના રોજ સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે માહિતી અરજદારે દસ્તાવેજ ફી ભરીને મેળવેલ છે કે કેમ તેની કોઈ વિગતો અરજદાર તરફથી પુરી પાડવામા આવેલ નથી. આમ અરજદારે જો માહિતી મેળવેલ ન હોય તો જાહેર માહિતી અધિકારી એ તા.૨૮/૧૦/૧૦ ના પત્ર માં જણાવેલ નિર્દિષ્ટ રકમ ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. તેમજ તા.૫/૧/૧૧ ના પત્ર થી મુદ્દા નં. ૪ ની માહિતી અંગે અરજદારે પ્લાનની નકલની માંગણી કરેલ નથી પરંતુ પરમીશનની માંગણી કરેલ છે. જે માહિતી તેઓને પુરી પાડવામા આવેલ છે. જો અરજદાર ઈચ્છુક હોયતો સદર પત્રમા જણાવેલ પ્લાનની નકલ જાહેર માહિતી અધિકારી એ નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કર્યેથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે.અરજદાર ઈચ્છુક હોયતો ફરિયાદ હકીકતમાં ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી એ આપેલ માહિતી માં નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ